## નવસારી જિલ્લામાં લમ્પી વાયરસના 13 એક્ટિવ કેસ, પશુપાલકોમાં હજુ ઉચાટ

**જિલ્લામાં** કુલ 245 કેસ નોંધાયા, પરંતુ સમયસર, યોગ્ય સારવાર મળતાં પશુઓ સાજા થઈ જતાં મોટી રાહત

નવસારી: નવસારી જિલ્લામાં ગાયમાં જોવા મળતાં લમ્પી વાયરસનાં 13 એક્ટિવ કેસ નોંધાયા છે. આ વાયરસની સૌથી વધુ અસર નવસારી તાલુકાના ગામોમાં જોવા મળી રહી છે.

ગુજરાતમાં ફરી એકવાર ભયંકર લમ્પી સ્કિન ડિસીઝ (LSD)એ માથું ઉંચક્યું છે, જેમાં માત્ર 15 દિવસમાં આઠ જિલ્લામાં લગભગ 300 પશુઓને ચેપ લાગ્યો છે, જેના કારણે પશુપાલકો અને અધિકારીઓમાં ભયનો માહોલ છે. 2022ના વિનાશક રોગચાળાની યાદો હજુ પણ તાજી છે, જ્યારે 6,000થી વધુ પશુઓ મૃત્યુ પામ્યા હતા, ત્યારે આ નવા ઉછાળાએ પશુપાલકોમાં નવી ચિંતા જગાવી છે.

તાપી, નવસારી, સુરત, સાબરકાંઠા, મોરબી અને દ્વારકામાં નવા કેસ નોંધાયા છે, જેના કારણે પશુપાલન વિભાગે તાત્કાલિક પગલાં ભરવાની જરૂર પડી છે. પશુપાલન વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં રસીકરણ અભિયાન શરૂ કર્યું છે. તેના પ્રતિભાવમાં, ફેલાવાને રોકવા માટે 5 લાખથી વધુ પશુઓને રસી આપવામાં આવી છે.

ગ્રામીણ પટ્ટાઓમાં વધતી ચિંતા વચ્ચે રાહતના સમાચાર એ છે કે 300 ચેપગ્રસ્ત પશુઓમાંથી 250 સ્વસ્થ થઈ ગયા છે, જ્યારે અત્યાર સુધીમાં આઠ મૃત્યુ નોંધાયા છે.

નવસારી જિલ્લાની વાત કરીએ તો નવસારી જિલ્લામાં લમ્પી વાયરસનો પહેલો કેસ 30 મેના રોજ નોંધાયો હતો. ત્યારબાદ લમ્પી વાયરસનાં જિલ્લામાં કુલ 245 કેસ નોંધાયા છે. જો કે હાલમાં ફક્ત 13 એક્ટિવ કેસ છે, બાકીના તમામ ઢોરઢાંખરોને સારવાર આપતાં સાજા થઇ ગયા છે.

## ગુના માટે પંકાયેલી બીલીમોરા તીસરી ગલી ગેંગના છ સામે ગુજસીટોકનો ગુનો દાખલ

**જિલ્લા** એલસીબી પોલીસની કાર્યવાહી, એક આરોપી વોન્ટેડ


કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરાની તીસરી ગલી ગેંગ સામે જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિ કરવા બદલ પોલીસે GUJCTOC મુજબ ગુનો દાખલ કરી ૬ની ધરપકડ કરી હતી. જ્યારે એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

સંગઠન બનાવીને ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપનારી બીલીમોરાની તીસરી ગલી ગેંગને કારણે ભયનું વાતાવરણ ઊભું થતાં સામાન્ય નાગરિકો ફરિયાદ કરવા આગળ આવતા નથી. આવા ગુનેગારો સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી કાયદેસરની કાર્યવાહી કરવા બદલ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરાઈ હતી. બાદ ગેંગ વિરુદ્ધ ગુપ્ત રાહે વિગતો એકત્રિત કરી બીલીમોરા તીસરી ગલીના ૭ સાગરીત વિરુદ્ધ GUJCTOC મુજબ ગુનો દાખલ કરી ૬ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે એકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ તપાસમાં નવસારી ડીએસપી દ્વારા એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) ની રચના કરવામાં આવી છે. જેનું નેતૃત્વ અને તપાસ ચીખલી ડીવાયએસપી બી.વી.ગોહિલ કરી રહ્યા છે.

પકડાયેલા આરોપીઓ સંગઠીત થઈ વર્ષોથી શરીર સંબધી તેમજ મિલ્કત સંબધી ગુના પોતાની ધાક જમાવી ખૂન, ધાડ અપહરણ, બળાત્કાર તેમજ હથિયારો વડે ખૂનની કોશિશ તથા મહાવ્યથા જેવા ગંભીર પ્રકારના ગુના આચરી ભયનું વાતાવરણ ઊભું કરતા હોવાથી તેઓ સામે (GUJCTOC)નો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નવસારી જિલ્લા પોલીસ એ પકડાયેલા આરોપીઓને સુરતની (GUJCCOT) કોર્ટમાં રજૂ કરતાં પકડાયેલા છ આરોપીના ૨૨ દિવસના પોલીસે રિમાન્ડ મેળવવા માટે આ કારણો દર્શાવ્યાં હતાં. તીસરી ગલી ગેંગમાં કોણ કોણ આરોપીઓ સામેલ છે. તેની તપાસ કરવાની છે. આ ગેમ કેવી રીતે કામ કરે છે. આ ગેંગ અન્ય કોઈ ગેંગ સાથે જોડાયેલી છે કે? ગેંગ પાસેથી હથિયારો કબજે કરવા, અને ગેંગ દ્વારા આચરવામાં આવેલા પરંતુ જાહેર નહીં કરેલા ગુનાની તપાસ કરવાના કારણે આરોપીઓના ૨૨ દિવસનાં રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, જેમાં ૧૪ દિવસનાં રિમાન્ડ સ્પેશિયલ કોર્ટે મંજૂર કર્યાં હતાં.

### ધરપકડ કરવામાં આવેલાં ૬ આરોપીનાં નામ

અમીન અનવર અબ્દુલ શેખ (ઉ.વ.૪૨) (રહે.,બીલીમોરા, ગોહરબાગ, તીસરી ગલી), રોનક ઉર્ફે બોબડો ગીરીશભાઇ છોટાલાલ પટેલ (ઉ.વ.૨૪) (રહે.,બીલીમોરા), કેવીન નિલેશભાઇ નાનુભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે.,ઉંડાચ ગામ), મનોજ ઉર્ફે પડો શિવાજી ગોવિંદા પાટીલ (ઉ.વ.૩૫) (રહે., બીલીમોરા), ગૌરવ રાજેશ ચોટલીયા (ઉ.વ.૩૦) (રહે.,બીલીમોરા), માઝ ફકરૂદીન શેખ (રહે.,બીલીમોરા)

### વોન્ટેડ આરોપી

સાબીર ઈસરાફીલ અંસારી (રહે.,બીલીમોરા)

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીની વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ સંચાલિત ચીખલી કોલેજનું ગૌરવ


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ સંચાલિત ચીખલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને અમદાવાદ ખાતે યોજાયેલા સંમેલનમાં મંત્રી મુકેશભાઇ પટેલના હસ્તે Award For Excellence in Higer Education at Emerging Gujarat Summit-25થી સન્માનવામાં આવી હતી. મેનેજિંગ ટ્રસ્ટી દર્શનભાઇ દેસાઇના સમરસતા ભર્યા નેતૃત્વથી ટ્રસ્ટને માત્ર શૈક્ષણિક ઉત્કૃષ્ઠા નહીં, પરંતુ સામાજિક મૂલ્યો, સામાજિક સશક્તિકરણ અને સમગ્રતાલક્ષી વિકાસ માટે પણ પ્રોત્સાહન આપ્યું છે. સન્માન સ્વીકારતા દર્શનભાઇ દેસાઇએ મોહનકાકા અને અરવિંદભાઈ દેસાઇને સન્માન સમર્પિત કર્યું હતું. જેઓએ સંસ્થાનું આજીવન સિંચન અને જતન કર્યું હતું. આ સાથે સમગ્ર સ્ટાફ અને પંથકનો પણ આભાર માન્યો હતો.

### કાંગર્યામાળ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




સાપુતારા: ડાંગ જિલ્લાના ઉત્તર વન વિભાગ દ્વારા સુબિર રેંજના કાંગર્યામાળ ખાતે એક પેડ માં કે નામ થિમ હેઠળ એક વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. રાજ્ય કક્ષાના વન મંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ 11,111 છોડનું વાવેતર કરી 1 હેક્ટર વિસ્તારમાં વન કવચ બનાવવામાં આવ્યું છે. આવનાર દિવસોમાં પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે કાંગર્યામાળનું વનકવચ એક ડેસ્ટિનેશન બની રહેશે. આ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના વન મંત્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈન, પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત, વલસાડ વન વર્તુળનાં મુખ્ય વન સંરક્ષક ડો.બી.સૂચિન્દ્રા, ઉત્તર ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ. એમ.એલ. મીના (IFS), દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ. નીરજકુમાર (IFS), એસીએફ સરવેમાં આરતીબેન ડામોર, રાહુલ પટેલ, પરેશભાઈ ગાયકવાડ, પ્રાંત અધિકારી કાજલ આંબલિયા અને તમામ આર.એફ.ઓ. સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. .




## સબસિડીના ખાતર માટે સાપસીડી જેવી રમત ખેરગામના ખેડૂતો કલેક્ટરના દ્વારે પહોંચ્યા

**ખેડૂતોને** જરૂરતની સામે પા ભાગની જ બેગોથી કામ ચલાવવું પડે એવી સ્થિતિ

ખેરગામ: હાલમાં રોપણીની સિઝન હોય અને ખાતરની તીવ્ર અછતથી ખેરગામ તાલુકાના ખેડૂતોની હાલત ખૂબ જ દયનીય બની છે. આ બાબતે આદિવાસી સમાજના નવસારી જિલ્લા પ્રમુખ ડો.નીરવ ભુલાભાઇ પટેલે કલેક્ટરને રજૂઆત કરી ખાતરની અછત દૂર કરવા જરૂરી પગલાં ભરવા રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ગતરોજ પણ ખેડૂતોમાંથી મર્યાદિત ટોકન ધારક ખેડૂતોને જ ખાતર અપાયું હોવાથી ભારે વિમાસણ ભરેલ પરિસ્થિતિ ઊભી થઈ હતી. ખેડૂતોને જરૂરતની સામે પા ભાગની જ બેગોથી કામ ચલાવવું પડે એવી સ્થિતિ ઊભી થઇ હતી.

ખેરગામ તાલુકો આદિવાસી બહુમતિ ધરાવતો તાલુકો છે અને આદિવાસીઓનો મુખ્ય ખોરાક જ ડાંગર છે. ડાંગરની રોપણી કરતા ખેડૂતોને ફોસ્ફેટ અને યુરિયા ખાતરની જરૂરિયાત સતત રહેતી હોય છે. જ્યારે તેઓ હાલમાં ખાતરની અછતનો સામનો કરી રહ્યા છે. આથી ખેડૂતોએ ખાતરની અછત નિવારણ માટે રજૂઆત કરવા વિનંતી કરી હતી. ખેરગામમાં એક દુકાને ખાતરનું વિતરણ શરૂ થતાં સવારથી જ દુકાન બહાર ખેડૂતોની ભીડ જોવા મળી હતી, જેમાં દુકાનદાર પાસે ખાતરનો જથ્થો મર્યાદિત હોવાથી થોડાક ખેડૂતોને જ ખાતર આપી શકાયું હતું. દુકાન માલિક દ્વારા જમીનના દસ્તાવેજો જોઈ ખાતરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખેરગામ ખાતે સબસિડીવાળું ખાતર મેળવવા ખેડૂતોને પડતી હાલાકી જલદી દૂર થાય અને ખેડૂતોને જરૂરિયાતનો પૂરતો જથ્થો મળી રહે તે માટે જરૂરી પગલાં ભરવા નવસારી કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે.

## સેવાની ધૂણી: ચીખલીના ખૂંધ નારી સંરક્ષણ કેન્દ્રએ મનોદિવ્યાંગ મહિલાને સારવાર આપી

**બાદ** સંસ્થાએ અરજી કરી મહારાષ્ટ્રના સખી વન સ્ટોપ સેન્ટરને કબજો સોંપ્યો



ઘેજ: ચીખલીના ખૂંધ નારી સંરક્ષણ કેન્દ્ર ખાતે દોઢ વર્ષથી રહેતી મહારાષ્ટ્રની મનોદિવ્યાંગ મહિલા અને તેના પુત્રને સખી વન સ્ટોપ સેન્ટર થાણે મહારાષ્ટ્રને સોંપી પ્રશંસનીય કામગીરી કરી છે.

નવસારી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા આશરે 33 વર્ષીય પરિણીતા અને તેના ૯ વર્ષીય પુત્રને ચીખલીના ખૂંધ નારી સંરક્ષણ કેન્દ્ર ખાતે આશ્રય હેઠળ મૂકવામાં આવ્યાં હતાં. આશ્રિત મનોદિવ્યાંગ મહિલાના પતિનું ત્રણ વર્ષ અગાઉ અવસાન થતાં તેમની માનસિક સ્થિતિ ખરાબ થઇ હતી. મહિલાનું પિયર-પરિવાર નવસારીના વિજલપોર ખાતે રહેતો હોવાથી તે ત્યાં રહેવા આવી હતી. પરંતુ માનસિક સ્થિતિ ખરાબ હોવાના કારણે પરિવાર સાથે ઝઘડો થતાં મહિલા તેના પુત્રને લઇને નવસારી રેલવે સ્ટેશના ટ્રેક પર આત્મહત્યા કરવા ગઈ હતી. જ્યાં રેલવે પોલીસે મહિલા તથા પુત્રને બચાવી સખી વન સ્ટોપ સેન્ટર નવસારી ખાતે આશ્રય અપાવ્યો હતો. બાદ સખી વન સ્ટોપ સેન્ટર નવસારી દ્વારા મહિલાને નારી સંરક્ષણ કેન્દ્ર ખુંધ અને તેના પુત્રને ચિલ્ડ્રન હોમ ફોર બોય્ઝ ખુંધ ચીખલી ખાતે મૂકવામાં આવ્યાં હતાં. નારી સંરક્ષણ કેન્દ્ર દ્વારા સંવેદનશીલ અભિગમ દાખવી આશ્રિત બહેનની મનોચિકિત્સક પાસે સમયસર સારવાર કરાવી દવાઓ ચાલુ કરતાં તેમની સ્થિતિમાં સુધારો આવ્યો હતો. જેથી નારી સંરક્ષણ કેન્દ્ર દ્વારા મહિલાના પિયર તથા સાસરી પક્ષનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેમને કોઈપણ ઘરે લઇ જવા માંગતા ન હતા.

આશ્રિત મહિલા તેના પુત્રનું ભવિષ્ય બનાવવા હેતુસર પુત્રને વતન મહારાષ્ટ્ર ખાતે લઇ જવા માંગતા હોય, આશ્રિત મહિલાના વતનના સખી વન સ્ટોપ સેન્ટર થાણે-૧ ઉલ્હાસનગર મહારાષ્ટ્ર જવા માટે સંસ્થા દ્વારા અરજી કરવામાં આવતાં કલેક્ટર અને કમિટીના સભ્યોની મંજૂરીથી આશ્રિત મહિલા અને તેના પુત્રને તેમના વતન મહારાષ્ટ્ર ખાતે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે સોંપવામાં આવી હતી.



## વાંસદાના ગંગપુર ગામમાં ઘરના આંગણેથી 9 લાખના ટેમ્પોની ચોરી

વાંસદા: વાંસદા તાલુકાના ગંગપુર ગામે ઝાડી ફળિયામાં ખાતે રહેતા રવિન્દ્ર માણેકભાઇ પવાર, જેમણે તેમની ઘર-દુકાનના આગળના ભાગે એક ગોલ્ડન બ્રાઉન કલરનો આઇસર ટેમ્પો નંબર GJ21 W 8512 મંગળવારે રાત્રે પાર્ક કર્યો હતો. જે ટેમ્પો રાત્રિ દરમિયાન અજાણ્યા ઇસમ કોઈ સાધન કે ડુપ્લિકેટ ચાવી વડે ચોરી ગયા હતા. બનાવ અંગે રવિન્દ્ર પવારે વાંસદા પોલીસ મથકે રૂપિયા 9 લાખનો ટેમ્પો ચોરી થયો હોવાની અજાણ્યા ચોર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ વાંસદા પોલીસે હાથ ધરી હતી.

### ખેરગામમાં યુવાનને ઓનલાઇન લિંક મોકલી રૂ.17,278ની ઠગાઇ

ખેરગામ: ખેરગામના પાટી ગામે ઓનલાઈન લિંક મોકલી એક યુવાનને ઠગે 17,278 રૂપિયાનો ચૂનો ચોપડ્યો હતો. ખેરગામના પાટી ગામના નદી ફળિયામાં રહેતા 19 વર્ષના યુવક યશભાઈ મુકેશભાઈ પટેલના મોબાઈલ પર તા.11 જુલાઈએ સાંજે 5.15 વાગ્યે અજાણ્યા ઈસમે ફોન કરી કહ્યું હતું કે, તમારું ગૂગલ પે ટ્રાન્ઝેક્શન વધી ગયું છે અને તમને કેસબેક મળશે. એ સાથે લોભામણી લાલચ આપી અજાણ્યા ઈસમે યુવકના મોબાઈલ પર લિંક મોકલી હતી. દરમિયાન યશને વિશ્વાસ બેસતા લિંક ઓપન કરી હતી. જેના કારણે તેના ખાતામાંથી એક બાદ એક કુલ રૂ.17,278 ટ્રાન્સફર થઈ ગયા હતા. અંતે તેને છેતરાયાનું ભાન થતાં યુવકે ખેરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## વઘઈના દરડી ગામે કૌટુંબિક બનેવીએ સાઢુભાઈને માથામાં કુહાડી મારી દીધી

**જમતી** વખતે ગાળો બોલવાની ના પાડતાં જુલુફ પવાર ઉશ્કેરાઈ ગયો

સાપુતારા: વઘઈના દરડી ગામે પરોણા આવેલા કૌટુંબિક જમાઈને જમતી વખતે ગમેતેમ બોલવાની સાઢુભાઈએ ના પાડતાં જમાઈએ થેલામાંથી કુહાડી વડે માથાના ભાગે જીવલેણ હુમલો કરતાં ગંભીર ઈજા પહોંચી હતી.

વ્યારાના ચેવડીમાં રહેતા બીપીન ગમનભાઈ ગામીત છેલ્લાં કેટલાંક વર્ષથી ડાંગના વઘઈના દરડી ગામે રહેતી સોમીબેન રામચંદભાઈ પવાર સાથે પતિ-પત્ની તરીકે રહે છે. ગત રવિવારે સોમીબેનના કૌટુંબિક બનેવી જુલુફ જલુભાઈ પવાર (રહે.,કુકડનખી, તા.વઘઈ) તેમના ઘરે પરોણાં મહેમાન બનીને આવ્યાં હતાં. જે અગાઉ પણ અવારનવાર આવતા હતા. દરમિયાન બીપીન ગામીત તેમના ગામ ચેવડી ગામે ભાત રોપણી કરવા માટે ગયા હતા અને બુધવારે રાત્રે ઘરે આવ્યા હતા. તેઓ સાઢુભાઈ સાથે જમવા બેસતાં જુલુફભાઈએ બીપીનભાઈને મનફાવે તેમ બોલતાં બીપીનભાઈએ કહ્યું હતું કે, તમે જમતી વખતે મને મનફાવે એમ બોલો નહીં. શાંતિથી જમી લો, કાયમ અમારે ત્યાં પરોણા આવો છો તો કેમ મનફાવે તેમ બોલો છો? હવે મને ગાળાગાળી કરશો નહીં અને જ્યાં ત્યાં ભટકવાનું બંધ કરી અમારા ઘરે શાંતિથી રહેવું. આમ કહેતાં જુલુફભાઈ ગાળાગાળી કરવા લાગ્યા હતા અને થેલામાંથી એક કુહાડી કાઢી બીપીનભાઈનાં માથા તથા ગરદનમાં મારતા બીપીનભાઈ નીચે જમીન પર પડી ગયા હતા. જુલુફભાઈ ત્યાંથી આજે તો તું બચી ગયો છે તને તો જાનથી મારી નાંખીશ એવી ધમકી આપી જતા રહ્યા હતા. બાદ તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે વ્યારા જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, બાદમાં તેમને સુરત સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. આ બનાવને પગલે સોમીબેને વઘઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. હાલ વઘઈ પોલીસની ટીમે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સેન્દ્રીઆંબામાં યુવકને ઓનલાઇન ખંખેરી લેવાયો

સાપુતારા:આહવાના સેન્દ્રીઆંબા ગામે રહેતા 21 વર્ષીય વિશાલ મનીરાવભાઈ ભોયેના મોબાઈલમાં ટેલિગ્રામ એપ ઉપર MALIK MUMBAI PRAIME નામની ચેનલ પર લિંક મોકલવામાં આવી હતી. બાદ યુવકના મોબાઈલમાં અજાણ્યા નંબર પરથી વોટ્સએપ ગ્રુપમાં એડ થયા હતા, જેમાં GL BOOKING RATE LIST 1 RANK 3000.2 RANK 2000, 3 RANK 1000 નો મેસેજ નાંખી ડ્રીમ ઈલેવન ગેમમાં CONTEST જોઈન્ટ કરવાનું કહી CONTEST જીતી જશો તેવી લોભામણી લાલચ આપવામાં આવી હતી. લોભામણી લાલચમાં આવી જઈ યુવકને મોકલાયેલી લિંકમાં યુવકના ફોન-પેથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરાવી કુલ રૂ.૪,૭૫૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. બાદ યુવકને સાયબર ફ્રોડ થયાનું જણાતાં યુવકે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. હાલ આહવા પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**જાહેર નિવિદા નં- ૧૬ સને ૨૦૨૫-૨૬**
**માર્ગ અને ,મકાન વિભાગ,ગુજરાત રાજય**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨, પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા વલસાડ /વાપી પેટા વિભાગ ના જુદા-જુદા કુલ ૧૦ કામો જેની અંદાજીત રકમ ૪.૭૮ લાખ થી ૪૦.૯૮ લાખ છે. માટે ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૦૮-૦૮-૨૦૨૫ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.
નં. માહિતી/વલસાડ/૩૬૯/૨૦૨૫

**જાહેરનામું**
**ગુજરાત સરકાર**
**મહેસુલ, વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)**

જિલ્લો: સુરત — તા. 3 0 MAY 2025
ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૩૪૫-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઇન લીયુ ઓફ એલ.સી. નં. ૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાઉ સેક્શન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડીવીઝન ઓન નાનાવરાછા-કુંભારીયા-દેવધ-દખ્ખણવાડા-સણીયાકણદે રોડ(૧/૧૮ ટુ ૧૨/૪૦) ઇન ગુજરાત (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જયારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક: અમ-મ-૨૦૨૪-૩૩૨-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજય સરકારે, જાહેર હિતમાં "કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઇન લીયુ ઓફ એલ.સી. નં. ૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાઉ સેક્શન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડીવીઝન ઓન નાનાવરાછા-કુંભારીયા-દેવધ-દખ્ખણવાડા-સણીયાકણદે રોડ(૧/૧૮ ટુ ૧૨/૪૦) ઇન ગુજરાત' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને

૨. હવે જયારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંક: અમ-મ-૨૦૨૪-૬૨૬-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ, તા.૧૫/૧૦/૨૦૨૪ થી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરતને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

3. હવે જયારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંક: ક્રમાંક: અમ-મ-૨૦૨૪-૬૨૬-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ, તા.૧૫/૧૦/૨૦૨૪ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જયારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના જિલ્લા કલેકટર, સુરતના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને

૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ"ની કલમ- ૩(જ) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેકટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરતની નિમણૂક કરે છે.

૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, બહુમાળી મકાન, નાનપુરા, સુરતની કચેરી ખાતે તપાસી શકશે.

**અનુસુચિ**

| જિલ્લો: સુરત | તાલુકો: ચોર્યાસી | મોજે. દેલાડવા |
|---|---|---|
| અ.નં. | સર્વે નંબર/બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
| ૧ | ૫૨ | ૦૦-૦૦-૭૦ |
| | કુલ | ૦૦-૦૦-૭૦ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રેરક જે. પટેલ)
સરકારના નાયબ સચિવ

ક્રમાંક : માહિતી-સૂરત/૬૧૯/૨૦૨૫